# યુએસ ઓપન: ઝવેરેવ ચોથા રાઉન્ડમાં, ફ્રિટ્ઝ અને કોબોલી અપસેટનો શિકાર બન્યા

**ટબીલો** સામે ઝવેરેવની આસાન જીત; બે સેટની લીડ છતાં સેરુંડોલો સામે ફ્રિટ્ઝનો પરાજય

**બિનક્રમાંકિત** બ્લોક્સે ફ્રેન્ચ ઓપનના રનરઅપ કોબોલીને હરાવી અપસેટ સર્જ્યો



ન્યૂયોર્ક, તા. 6 (એપી): યુએસ ઓપન 2026માં પુરુષ સિંગલ્સમાં જર્મનીના ટોપ સીડ એલેક્ઝાન્ડર ઝવેરેવે પોતાનો દબદબો જાળવી રાખતા ચોથા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. ઝવેરેવે ત્રીજા રાઉન્ડના મુકાબલામાં 25મી સીડ ધરાવતા એલેજેન્ડ્રો ટબીલોને 6-2, 7-6(2), 6-2 થી પરાજય આપ્યો હતો.

અગાઉ સતત બે મેચોમાં 5-5 સેટના કઠિન જંગ ખેલીને આવેલો જર્મન ખેલાડી આ મેચમાં લયમાં જોવા મળ્યો હતો. બીજા સેટમાં એક સમયે પાછળ પડ્યા બાદ તેણે વાપસી કરીને ટાઈબ્રેકરમાં જીત મેળવી હતી. હવે ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવવા માટે તેની ટક્કર 21મી સીડ ધરાવતા લ્યુસિયાનો ડરડેરી સામે થશે.

બીજી તરફ, ટૂર્નામેન્ટમાં પુરુષ વિભાગમાં મોટા અપસેટ જોવા મળ્યા હતા. ૭મી સીડ ધરાવતો અને 2024નો ફાઈનાલિસ્ટ અમેરિકન ખેલાડી ટેલર ફ્રિટ્ઝ પ્રથમ બે સેટ જીત્યા છતાં ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. આર્જેન્ટિનાના ફ્રાન્સિસ્કો સેરુંડોલોએ જોરદાર વાપસી કરીને ફ્રિટ્ઝને 3-6, 4-6, 6-3, 6-4, 6-4થી હરાવીને પોતાના કરિયરની સૌથી યાદગાર જીત નોંધાવી ચોથા રાઉન્ડમાં પહોંચ્યો હતો.

આ સિવાય વધુ એક મોટો ઉલટફેર કરતા બેલ્જિયમના બિનક્રમાંકિત 21 વર્ષીય એલેક્ઝાન્ડર બ્લોક્સે ૬મી સીડ ધરાવતા ફ્લેવિયો કોબોલીને 6-7(4), 6-3, 6-0, 6-3થી હરાવીને ટૂર્નામેન્ટ બહાર કરી ચોથા રાઉન્ડમાં જગ્યા બનાવી હતી. ઉલ્લેખનીય છે કે કોબોલી આ વર્ષે ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં પહોંચ્યો હતો.

આ પહેલાંના રાઉન્ડમાં બેલ્જિયમના બ્લોક્સે ટોમસ બેરીઓસ વેરા અને માર્કો ટ્રુન્ગેલીટીને હરાવીને બધાને પ્રભાવિત કર્યા હતા.

### યુકી ભાંભરી અને અનિરુદ્ધ ચંદ્રશેખર પ્રથમ રાઉન્ડમાં જ બહાર

ન્યૂયોર્ક, તા. 6 (પીટીઆઈ): યુએસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં પુરુષ ડબલ્સના પ્રથમ રાઉન્ડમાં ભારતના યુકી ભાંભરી અને અનિરુદ્ધ ચંદ્રશેખર પોતપોતાની મેચ હારીને બહાર થઈ ગયા છે. યુકી ગયા વર્ષે યુએસ ઓપનની સેમિફાઇનલમાં પહોંચેલા યુકી ભાંભરી અને તેના ન્યૂઝીલેન્ડના પાર્ટનર માઇકલ વિનસને અમેરિકાની રાયન સેગરમેન અને પેટ્રિક ટ્રાયની જોડી સામે 7-6(4), 7-6(3)થી હારનો સામનો કરવો પડ્યો હતો.

બીજી તરફ, અનિરુદ્ધ ચંદ્રશેખર અને બેલારુસના ઇવાન લ્યુતારેવિચે પણ બ્રિટિશ જોડી આર્થર ફેરી અને જોશુઆ પેરિસ સામે કડક ટક્કર આપી હતી, પરંતુ તેઓ 4-6, 7-5, 4-6થી હારીને ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયા હતા.

# ગૉફ અને સ્વિટેકની આગેકૂચ, ઓસાકાનો રોમાંચક વિજય

**ઓલિમ્પિક** ગોલ્ડ મેડલ વિજેતા ઝેંગ કિનવેન રાઉન્ડ ઓફ 16માં

**યુવા** સ્ટાર આઈવા જોવિચ સાથે હવે ગૉફની ટક્કર થશે



ન્યૂયોર્ક, તા.6 (એપી): મહિલા સિંગલ્સમાં ચોથી સીડ ધરાવતી ડિફેન્ડિંગ ચેમ્પિયન કોકો ગૉફે સ્પેનની ક્રિસ્ટિના બુક્સાને 6-3, 6-4થી હરાવી સતત પાંચમા વર્ષે યુએસ ઓપનના ચોથા રાઉન્ડમાં સ્થાન મેળવ્યું છે. ગૉફનો સામનો હવે 18 વર્ષીય આઈવા જોવિચ સામે થશે.

આઈવા જોવિચે 3 કલાકથી વધુ ચાલેલા મુકાબલામાં એલેક્ઝાન્ડ્રા ઈલાને 7-5, 3-6, 7-5થી હરાવી હતી.

બીજી તરફ, 8મી સીડ ધરાવતી ચાર વખતની ગ્રાન્ડ સ્લેમ વિજેતા ઇગા સ્વિટેકે મેરી બોઝકોવાને 7-6(3), 7-6(3)થી હરાવીને રાઉન્ડ ઓફ 16માં પ્રવેશ કર્યો હતો. 5મી સીડ મિરા એન્ડ્રીવાએ પણ નિકોલા બાર્તુંકોવાને 6-2, 7-6(5)થી માત આપી ચોથા રાઉન્ડમાં જગ્યા બનાવી હતી.

ટૂર્નામેન્ટમાં બે ભૂતપૂર્વ ચેમ્પિયન્સ દ્વારા અદ્ભુત વાપસી જોવા મળી હતી. બે વખતની યુએસ ઓપન ચેમ્પિયન 13મી સીડ નાઓમી ઓસાકાએ 23મી સીડ એલિસ મર્ટેન્સ સામે ત્રીજા સેટમાં પાછળ પડ્યા બાદ 6-3, 3-6, 7-5થી મુશ્કેલ જીત નોંધાવી હતી. હવે ઓસાકાનો સામનો બીજી સીડ ધરાવતી એલેના રીબાકીના સામે થશે.

જ્યારે ઓલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા ઝેંગ કિનવેને ૨૨મી સીડ મેડિસન કીઝ સામે ત્રીજા સેટમાં 0-5થી પાછળ રહ્યા બાદ સતત 7 ગેમ જીતીને 1-6, 7-6(3), 7-5થી સન્સનાટીભરી વાપસી કરી હતી. આ સિવાય 10મી સીડ એનાસ્તાસિયા એનિસિમોવાને અનાસ્તાસિયા પોતાપોવા સામે 6-2, 7-5થી હારનો સામનો કરવો પડ્યો હતો.

# સાત્વિક-ચિરાગે ચાઈના માસ્ટર્સનો ખિતાબ જીતી ઈતિહાસ રચ્યો

**સાત્વિક** ચિરાગે ફાઈનલમાં ચીની જોડીને હરાવી પ્રથમ વખત ચાઈના માસ્ટર્સ જીત્યું

**એક** જ વર્ષમાં તેમનો આ બીજો સુપર 750 ટાઈટલ વિજય

**ભારતીય** બેડમિન્ટન ઇતિહાસમાં પુરુષ ડબલ્સની કોઈ એક જોડી દ્વારા 10 BWF વર્લ્ડ ટૂર ટાઇટલ જીતવાની આ પ્રથમ અને ઐતિહાસિક સિદ્ધિ




શેનઝેન, તા. 6 (પીટીઆઈ): ભારતની સ્ટાર પુરુષ ડબલ્સ જોડી સાત્વિકસાઈરાજ રંકિરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ રવિવારે શેનઝેન ખાતે રમાયેલી ચાઇના માસ્ટર્સ સુપર 750 બેડમિન્ટન ટૂર્નામેન્ટની ફાઇનલમાં ચીનની જોડીને હરાવીને ટાઇટલ પોતાના નામે કર્યું છે. 2023 અને 2025માં રનર્સ-અપ રહેલી ભારતીય જોડીએ 1 કલાક અને 10 મિનિટ ચાલેલા આ રોમાંચક મુકાબલામાં ચીનના હે જી તિંગ અને રેન શિયાંગ યુને 11-21, 21-13, 21-17થી પરાજય આપ્યો હતો.

આમ સાત્વિક-ચિરાગે પ્રથમ વખત ચાઈના માસ્ટર્સ ટાઈટલ જીત્યું છે. ઈજામાંથી પુનરાગમન કર્યા પછી રમાયેલી આ ટૂર્નામેન્ટમાં તેમણે સતત મુશ્કેલ 3-સેટ મેચો રમીને ચીનના ઘરઆંગણે જ ભૂતપૂર્વ વર્લ્ડ નં. 4 ચીની જોડીને હરાવીને આ ખિતાબ જીત્યો છે.

સાત્વિક અને ચિરાગના કરિયરની આ 10મી BWF વર્લ્ડ ટૂર ટાઇટલ જીત છે. ભારતીય બેડમિન્ટન ઇતિહાસમાં પુરુષ ડબલ્સની કોઈ એક જોડી દ્વારા 10 BWF વર્લ્ડ ટૂર ટાઇટલ જીતવાની આ પ્રથમ અને ઐતિહાસિક સિદ્ધિ છે. જ્યારે 20226માં આ તેમનું બીજું સુપર 750 ટાઈટલ છે આ પહેલાં તેમણે સિંગાપોર ઓપન સુપર 750 ટાઈટલ જીત્યું હતું.

પ્રથમ ગેમમાં ચીની જોડીએ આક્રમક રમત દાખવીને 10 મિનિટમાં 21-11થી જીત મેળવી લીધી હતી. જોકે, ત્યારબાદ વર્લ્ડ નંબર 5 ભારતીય જોડીએ શાનદાર પુનરાગમન કર્યું હતું. બીજી ગેમમાં લાઇન-લેન્થ અને ડિફેન્સ પર પકડ મજબૂત બનાવીને સાત્વિક-ચિરાગે 21-13થી જીત મેળવી મેચબ રાબરી પર કરી હતી. નિર્ણાયક ત્રીજી ગેમમાં એક સમયે પાછળ રહ્યા બાદ ભારતીય જોડીએ સળંગ પોઇન્ટ્સ મેળવીને 21-17થી ફાઇનલ મેચ અને ટાઇટલ પોતાના નામે કરી લીધું હતું.



# IPL સાથેનો ટકરાવ ટાળવા PSL જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં યોજાય તેવી શક્યતા

**IPLના કારણે** એપ્રિલ-મે વિંડોમાં સ્પોન્સરશિપ અને એડ આવક ઘટી જતાં નિર્ણય

**કરાચીથી** ટૂર્નામેન્ટની શરૂઆત કરવાનો પ્રસ્તાવ; ઇ-સ્પોર્ટ્સ અને નવી 'મિડ-યર' ટૂર્નામેન્ટ પર પણ વિચારણા

કરાચી, તા. 6 (પીટીઆઈ): પાકિસ્તાન સુપર લીગ (PSL) આગામી વર્ષ ૨૦૨૭થી જાન્યુઆરી-ફેબ્રુઆરીની વિંડોમાં યોજાય તેવી પ્રબળ શક્યતા છે. ઓગસ્ટ-સપ્ટેમ્બર મહિનામાં લંડન ખાતે યોજાયેલી PSL ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં આ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. આ વર્ષે એપ્રિલ-મે મહિનામાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) સાથે ટકરાવ થવાને કારણે મીડિયા રાઈટ્સ હોલ્ડર્સ અને ફ્રેન્ચાઈઝીઓને જાહેરાતો તથા સ્પોન્સરશિપની આવકમાં મોટું નુકસાન વેઠવું પડ્યું હતું, જેના કારણે આ નિર્ણય લેવાઈ રહ્યો છે.

PSL 2016માં શરૂ થઈ ત્યારથી ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન યોજાતી હતી. જોકે, 2025 અને 2026માં ICC ઈવેન્ટ્સને કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ને લીગ રી-શિડ્યુલ કરીને એપ્રિલ-મે મહિનામાં ખસેડવી પડી હતી, જ્યાં તેનો સીધો સામનો IPL સાથે થયો હતો. આ સિવાય પાકિસ્તાન ટીમના આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં નબળા પ્રદર્શનને કારણે પણ દર્શકોનો રસ ઘટ્યો હોવાની ચિંતા ફ્રેન્ચાઇઝી માલિકોએ વ્યક્ત કરી હતી.

નવા પ્રસ્તાવ મુજબ, જાન્યુઆરીમાં ટૂર્નામેન્ટની શરૂઆત કરાચીથી થઈ શકે છે, જ્યાં શિયાળાનું વાતાવરણ પ્રમાણમાં અનુકૂળ હોય છે, અને ત્યારબાદ પંજાબ તથા પેશાવરમાં રમતો યોજાશે. PSLના મીડિયા રાઈટ્સ ધરાવતી કંપની વલી ટેકનોલોજીએ આ ફેરફારનું સૂચન કર્યું છે. આ ઉપરાંત, લીગમાં યુવા દર્શકોને આકર્ષવા અને વધારાની આવક ઊભી કરવા માટે ઈ-સ્પોર્ટ્સ ક્ષેત્રે પ્રવેશવા તેમજ વર્ષના મધ્યમાં એક નવી મિડ-યર ટૂર્નામેન્ટ યોજવાની શક્યતાઓ પર પણ વિચારણા કરવામાં આવી હતી.

# દુલીપ ટ્રોફી ફાઈનલ: ઈસ્ટ ઝોનનો મજબૂત સ્કોર, ઈશાન કિશનની સદી



**કુમાર** કુશાગ્ર અને શિખર મોહનની અડધી સદી

**વૈભવ** સૂર્યવંશી અને ઈશ્વરનની તોફાની શરૂઆત બાદ કિશન-કુશાગ્ર વચ્ચે 144 રનની અણનમ ભાગીદારી

**મોહમ્મદ** સિરાજ ખૂબ મોંઘો સાબિત થયો

ચેન્નાઈ, તા. 6 (પીટીઆઈ): ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રવિવારથી શરૂ થયેલી દુલીપ ટ્રોફીની ફાઈનલ મેચના પ્રથમ દિવસે કેપ્ટન ઈશાન કિશનની અણનમ 111 રનની આક્રમક ઈનિંગ્સની મદદથી ઈસ્ટ ઝોને સાઉથ ઝોન સામે 4 વિકેટે 385 રન બનાવીને મેચ પર પકડ મજબૂત કરી લીધી છે. પ્રથમ દિવસની રમતના અંતે ઈશાન કિશન (14 ચોગ્ગા, 1 છગ્ગો) અને કુમાર કુશાગ્ર (63*) ક્રિઝ પર હતા. બંને વચ્ચે પાંચમી વિકેટ માટે 26.4 ઓવરમાં 144 રનની અણનમ ભાગીદારી થઈ ચૂકી છે.

ઈશાન કિશને પોતાના ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં 4000 રન પૂરા કરવાની સાથે કરિયરની 10મી સદી પણ ફટકારી હતી. કિશને શરૂઆતમાં સંયમ અને બાદમાં આક્રમકતા દાખવીને 71 બોલમાં અડધી સદી અને પછીના 51 બોલમાં સદી પૂરી કરી હતી. ઈસ્ટ ઝોન તરફથી અન્ય બેટ્સમેનોમાં શિખર મોહને 85 રન, અભિમન્યુ ઈશ્વરને 72 રન અને 15 વર્ષીય વંડર બોય વૈભવ સૂર્યવંશીએ 37 બોલમાં 44 રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સૂર્યવંશી અને ઈશ્વરને પ્રથમ વિકેટ માટે માત્ર 14 ઓવરમાં ૧૦૦ રન જોડ્યા હતા. સૂર્યવંશીએ ભારતીય સ્ટાર બોલર મોહમ્મદ સિરાજની ઓવરમાં ચોગ્ગા છગ્ગાનો વરસાદ કરી તેને ઝુડી નાંખ્યોં હતો.

સાઉથ ઝોનના બોલરો સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા હતા. સ્ટાર ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ ખૂબ મોંઘો સાબિત થયો હતો અને તેણે ૧૪ ઓવરમાં ૯૬ રન આપ્યા છતાં એક પણ વિકેટ મળી નહોતી. સીવી મિલિંદે બે વિકેટ ઝડપી હતી પરંતુ તે રનરેટ રોકી શક્યો નહોતો.

## સુડોકુ ૬૬૨૨ 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | | ૯ | | | ૭ | |
| | | ૭ | ૫ | | ૪ | ૩ | | ૨ |
| ૩ | | | ૬ | | ૭ | ૪ | ૧ | |
| | ૩ | ૪ | | ૭ | ૨ | ૧ | | ૯ |
| | ૯ | | ૪ | ૫ | | ૭ | ૮ | ૩ |
| | ૮ | | | ૩ | | | ૪ | ૫ |
| ૧ | | ૩ | | ૮ | ૯ | | | |
| | ૭ | ૮ | | | ૫ | | | ૧ |
| | ૪ | ૫ | | ૬ | | | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ઉકેલ-૬૬૨૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૨ | ૩ | ૯ | ૮ | ૫ | ૭ | ૬ |
| ૮ | ૬ | ૭ | ૫ | ૧ | ૪ | ૩ | ૯ | ૨ |
| ૩ | ૫ | ૯ | ૬ | ૨ | ૭ | ૪ | ૧ | ૮ |
| ૫ | ૩ | ૪ | ૮ | ૭ | ૨ | ૧ | ૬ | ૯ |
| ૨ | ૯ | ૧ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૩ |
| ૭ | ૮ | ૬ | ૯ | ૩ | ૧ | ૨ | ૪ | ૫ |
| ૧ | ૨ | ૩ | ૭ | ૮ | ૯ | ૬ | ૫ | ૪ |
| ૬ | ૭ | ૮ | ૨ | ૪ | ૫ | ૯ | ૩ | ૧ |
| ૯ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૮ | ૨ | ૭ |

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ


### કાનમાં બહેરાશ

એક કિલો ફૂણા બિલા ફળ એક લીટર ગૌમૂત્ર સાથે વાટી કલ્ક કરો. એમાં બે લીટર તલનું તેલ, બકરીના 8 લિટર દૂધ અને 8 લિટર પાણી ઉમેરી ધીમા તાપે ઉકાળો. પાણી બધું બળી જાય ત્યારે તેલ સિદ્ધ થયું છે. ગાળી બાટલીમાં ભરી લો. રોજ સવાર, સાંજ બે બે ટીપાં કાનમાં નાંખો. સારીવાદી વટીની બે બે ગોળી ત્રણ વાર લેવી.

# મેસીએ ઈન્ટર મિયામી માટે 2 આસિસ્ટ કર્યા; એટલાન્ટા સામે મેચ 2-2 થી ડ્રો

**અર્જેન્ટિના** ટીમને અલવિદા કહ્યા બાદ પણ મેસીનો ક્રેઝ યથાવત

**વરસાદથી** પ્રભાવિત મુકાબલામાં 87મી મિનિટે ગોલ કરીને એટલાન્ટાએ મેચ બરાબરી પર આણી



મિયામી, તા. 6 (એપી): લિયોનલ મેસીએ ભલે અર્જેન્ટિના માટે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લઈ લીધી હોય, પરંતુ ક્લબ ફૂટબોલમાં તેનો જાદુ હજુ પણ યથાવત છે. નિવૃત્તિની જાહેરાત બાદ રમવા ઉતરેલા પ્રથમ મુકાબલામાં મેસીએ શનિવારે રાત્રે ઈન્ટર મિયામી માટે ૨ આસિસ્ટ કર્યા હતા. જોકે, એટલાન્ટા યુનાઈટેડ સામેનો આ મેજર લીગ સોકર (MLS) મુકાબલો 2-2 થી ડ્રોમાં પરિણામ્યો હતો.

ઈન્ટર મિયામીના નુ સ્ટેડિયમ (Nu Stadium) ખાતે ખરાબ હવામાન અને વરસાદને કારણે મેચ એક કલાકથી વધુ મોડી શરૂ થઈ હતી.

મેચની 32મી મિનિટે મેસીના શાનદાર કોર્નર પાસ પર કેસેમિરોએ હેડર વડે ગોલ કરીને ઈન્ટર મિયામીને 1-0 ની લીડ અપાવી હતી. જોકે, મિગ્યુએલ અલ્મિરોને ટૂંક સમયમાં એટલાન્ટા માટે સમકક્ષતા મેળવી આપી હતી.

પ્રથમ હાફના અંત પહેલાં મેસીએ આપેલા લોંગ પાસની મદદથી લુઈસ સુઆરેઝે રાઈટ-ફૂટેડ શોટ દ્વારા સિઝનનો પોતાનો 12મો ગોલ નોંધાવી મિયામીને 2-1 થી આગળ કર્યું હતું.

મેચની 87મી મિનિટે બ્રિલ એમ્બોલોએ પેનલ્ટીને ગોલમાં ફેરવી એટલાન્ટાને 2-2 થી બરાબરી અપાવી હતી. આ ડ્રો સાથે ઈન્ટર મિયામી ઈસ્ટર્ન કોન્ફરન્સમાં બીજા સ્થાને યથાવત છે અને પ્રથમ સ્થાને રહેલા નેશવિલે કરતા 10 પોઈન્ટ પાછળ છે.

## આજનું પંચાંગ

**તા. 07/09/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** વદ: અગિયારસ:17:05, અજાઅંદાદશી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા:16
**યોગ :** વ્યતિપાત **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** પુનવર્સુ: 18:15
**રાશિ:** મિથુન (ક.છ.ઘ.) 12:40 પછી કર્ક (ડ.હ.)
**દિવસ :** શુભ : શિવપૂજન, શિવમુષ્ટિ જવ-બુધ-કન્યામાં 13:36
**સુરતમાં સૂર્યોદય :** 06:25 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:48
**નવકારસી :** 07:13
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 24મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ અવલ માસનો 24મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુકાળ:** સવારે 07:30થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** તમારા કામની કદર થવાથી આત્મવિશ્વાસ વધશે. નવા કામની શરૂઆતની યોજના બને. શુભ સમાચાર મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** પારિવારીક બાબતે વિવાદથી અશાંતિ વધશે. બૌધ્ધિક અને ટેકનોલોજી આધારીત કામમાં સફળતા મળે.

**મિથુન (ક,છ,ઘ,):** આર્થિક બાબતે સાવધાની રાખવી. પારિવારી ખર્ચા અને પ્રશ્નો વધશે. અચાનક નવી તક અને શુભ સમાચાર મળે.

**કર્ક (ડ,હ,):** વિવાદથી બચવું કાર્ય સ્થળ પર તાલમેળ રાખવો. ખર્ચા અને અશાંતિ વધશે. નવા રોકાણથી લાભ થાય.

**સિંહ (મ,ટ,):** ધાર્મિક પ્રવાસ થાય. પારિવારીક ખર્ચા વધે. ગુપ્તભય સતાવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** નવા કામની યોજનામાં વડીલો મિત્રોનો સાથ મળે. નવા રોકાણથી લાભ થાય. મન અશાંત રહે.

**તુલા (ર,ત,):** અટકેલા કામ પાર પડે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. વિદેશનાં કામમાં મદદ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** ગુપ્ત શત્રુઓ કે કોઇ કાવતરાથી સાવધાન રહેવું. જીવનસાથી મિત્રો સાથે સામાજીક કાર્ય થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** રોમેન્ટીક મુડ રહે. રોજના કામમાં ઉત્સાહ વધે. સરકારી કામમાં પ્રગતિ થાય. શત્રુઓથી સાવધાન.

**મકર (ખ,જ,):** આરોગ્ય નરમ રહે. સરકારી કામમાં મદદ મળે. સામાજીક કામ પાર પડે. આવક વધારવાની તક મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નવા મિત્રોથી સાવધાન રહેવું. કાર્યસ્થળ પર નવા ફેરફાર થાય. પ્રેમમાં અશાંતિ વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** નવી નોકરીની યોજના પાર પડે. શુભ સમાચાર મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.

## કોઈ પણ સાલમાં 07 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતી અને કાર્યબોજ તથા દોડ-ધામ વાળુ પસાર થશે. નોકીરમાં નવી જવાબદારી અને સ્થાન ફેરથી અશાંતિ વધે. આરોગ્ય નરમ રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. ધીરજ રાખવી. નોકરી-ધંધામાં હરીફોથી સાવધાન રહેવુ. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ટેકનોલોજીનો લાભ મળે. વધારાની આવકની યોજનામાં ચડતી પડતી રહે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત ફળે. ઉંમર લાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. પારિવારીક સમસ્યા અને વિલ-વારસા, જાયદાદ-જમીન જેવા કામમા પરેશાની વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જુન-જુલાઇ સોમ-ગુરુવાર 7,16,25 તારીખે નવા કામ કરવા. ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ વધારવો. ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ, શુક્રવાર, 05,14,23 તારીખે નવા કામ ટાળવો. લાલ-લીલા રંગનો ઉપયોગ ટાળવો. ચંદ્ર કેતુના ઉપાય કરતા રહેવું.